PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા–૦૨/૧૬–૧૭/ ૭૬૬૪ તા. ૧૬/૦૮/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઘનશ્યામભાઈ મનજીભાઈ બાવળીયા,
C/O, મનજીભાઈ ગેરેજવાળા,
શેરી નં.–૧૭,
વાજસુરપરા,
જસદણ
મો: ૯૭૧૪૧ ૯૨૮૦૭

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૦/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, જસદણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 06 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૦/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૨–૦૮–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ઘનશ્યામભાઈ મનજીભાઈ બાવળીયા,ગામ: વિછીયા

રજુઆત કરનાર : અરજદાર શ્રી ઘનશ્યામભાઈ મનજીભાઈ બાવળીયા હાજર રહેલ છે.

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :બી.આર.વડાવીયા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેમના જોડાણ મા પીજીવીસીએલ તરફથી અધિકતમ યુનીટ નુ બીલીંગ કરાયેલ છે. જે ખરેખર ગેરવ્યાજબી હોય, આ મીટર ને સ્થળ પર થી ઉતારી લેબોરેટરી ચેકીંગ કરી અને અપાયેલ વીજબીલો ને ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

**૨.૧** અરજદાર શ્રી નુ સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૯૦૧/૧૮૮૬૯/૦ જે તા.૨૦–૦૮–૧૩ થી ચાલુ કરાયેલ છે. આ જોડાણ મા, પ્રથમ બીલીંગ જુલાઈ–ઓગષ્ટ –૧૩ નુ તા.૨૫–૦૯–૧૩ થી '' ૦ '' યુનીટ વપરાશ થી ચાલુ થયેલ છે. ત્યારબાદ, માહે સપ્ટેમ્બર–ઓકટોબર –૧૩ મા ૨૫૯ લોક યુનીટ બીલીંગ તા.૩૦–૧૦–૧૩ ના રોજ, તેમજ નવેમ્બર –ડિસેમ્બર –૧૩ મા ૧૨૦ લોક યુનીટ બીલીંગ તા.૧૮–૦૧–૧૪ ના રોજ, અને ત્યારબાદ જુલાઈ–ઓગષ્ટ –૧૫ ના રોજ ૧૫૦ યુનીટ વાસ્તવિક વીજવપરાશ મુજબ ના બીલો અપાયેલ છે. આમ, જોડાણ ચાલુ થયા તા.૨૦–૦૮–૧૩ થી, આ જોડાણ બીન વીજવપરાશી રહેલ હોવા સબબ ના, પ્રથમ બીલીંગ, એટલેકે તા.૨૫–૦૯–૧૩ મા જુલાઈ–ઓગષ્ટ –૧૩ થી, તા.૨૦–૦૧–૧૬ ના, માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૬ ના બીલીંગ સુધી ના બીલો – જે બીન વીજવપરાશી મુજબ ના અપાયેલ છે. આમ, માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૬ મા મીટર ના છેલ્લા રીડીંગ ની સ્થિતી, ૧૫૩ જે બીલીંગ એકાઉન્ટ મા નોંધાયેલ છે. આ મુજબ, જોડાણ ચાલુ થયા તા.૨૦–૦૮–૧૩ થી, છેલ્લા બીલીંગ એટલેકેમાહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૬ ( હાલ ના ૧૫૪ અને પાછલા ૧૫૩ યુનીટ = વીજવપરાશ ૧ યુનીટ ) સુધી ના સમયગાળા ના કુલ ૧૬ દ્રીમાસીક બીલીંગ દરમ્યાન ના તમામ વીજબીલો, જે મોટાભાગે બીન વપરાશી મુજબ ના થયેલ છે.

**૨.૨** ત્યારબાદ, આ જોડાણ નુ, અગાઉ તા.૨૦–૦૮–૧૩ ના રોજ લગાડવામા આવેલ, એચ.પી.એલ કંપની ના મીટર નંબર: ૦૧૧૫૭૯૮૭, જે તા. ૦૯–૦૨–૧૬ ના રોજ, પર્ફોમા –૧૫ નંબર: ૧૧૨૮૮૩ થી, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૨૨૨૪ નોંધાયેલ હતા. તેમજ, જોડાણ મા ૦.૧૨૦ કીવો નો વીજભાર નોંધાયેલ હતો. આ સમયે, તા. ૦૯–૦૨–૧૬ ના રોજ નવુ એપલટોન કંપની ના મીટર નંબર: ૦૨૭૦૧૯૨૩ મીટર, જે શરૂઆતના ૦૦૦૦૦૧ રીડીંગ થી મુકવામા આવેલ હતુ. ત્યારબાદ, જુનુ પેપરપેક કરાયેલ સવાલવાળુ એચ.પી.એલ કંપની ના મીટર નંબર: ૦૧૧૫૭૯૮૭, તા. ૧૧–૦૪–૧૬ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. તેમજ, તેમા છેલ્લા રીડીંગ ૨૨૨૪ નોંધાયેલ હતા. આમ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, તેમા નોંધાયેલ છેલ્લા યુનીટ પણ જોડાણ મા થયેલ વીજવપરાશ મુજબ ના જ છે.

**૨.૩** આમ, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર નુ મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોય, તેમા નોંધાયેલ છેલ્લા યુનીટ ૨૨૨૪ ની ગણતરીએ, અરજદાર શ્રી ને, ૨૦૭૦ પેન્ડીંગ યુનીટ ( હાલ ના ૨૨૨૪ અને પાછલા ૧૫૪ યુનીટ ) નુ, જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ, સદર જોડાણ મા, મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ના, જોડાણ ચાલુ થયા તા.૨૦–૦૮–૧૩ થી, છેલ્લા બીલીંગ એટલેકે માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૬ ( હાલ ના ૧૫૪ અને પાછલા ૧૫૩ યુનીટ = વીજવપરાશ ૧ યુનીટ ) સુધી ના સમયગાળા ના કુલ ૧૬ દ્રીમાસીક બીલીંગ દરમ્યાન ના, અગાઉ અપાયેલ બીન વીજવપરાશી વીજબીલો અન્વયે, ચડત / પડતર રહેલ યુનીટ મુજબ ના કારણોસર નુ છે.

**મુદ્દા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૪૯૦૧ ૧૮૮૬૯૦ મા, પીજીવીસીએલ તરફથી, જે હાલ ના તબ્બકે, ૨૦૭૦ પેન્ડીગ યુનીટ ( હાલ ના ૨૨૨૪ અને પાછલા ૧૫૪ યુનીટ ) નુ, જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, સવાલવાળુ મીટર સ્થળ પર થી ઉતારી અને લેબોરેટરી ચકાસણી કરતા તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. જેથી, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, અરજદાર શ્રી ને, જોડાણ મા, અગાઉ ના કુલ ૧૬ દ્રીમાસીક બીલીગ સમયગાળા ( જોડાણ ચાલુ થયા તા.૨૦–૦૮–૧૩ થી તા.૨૦–૦૧–૧૬ ના, માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૬ ના બીલીગ) સુધી ના, અગાઉ બીન વીજવપરાશી બીલીગ સમયગાળા મા, ખરેખર વીજવપરાશ થયેલ હોય પરંતુ વાસ્તવિક વીજવપરાશી યુનીટ નુ બીલીગ થવાને બદલે, '' બીન વપરાશી '' જોડાણ મુજબ નુ બીલીગ થયેલ હોવા સબબ ના કારણોસર નુ, ચડત પડતર યુનીટ મુજબ ના કારણોસર નુ જ છે. |
| ૩.૨ | આમ, અરજદાર ના મીટર મા નોંધાયેલ ૨૨૨૪ યુનીટ, જે માહે જુન–જુલાઈ –૧૩ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના કુલ ૧૭ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરવુ જરૂરી છે. જેથી, સદર કુલ ૨૨૨૪ યુનીટ ને૧૭ વીજબીલ મા વિભાજીત કરી અને વિભાજીત થયેલ પ્રત્યેક બીલ સામે અગાઉ અરજદારે પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ રકમ બાદ કરીને, તે મુજબ પ્રત્યેક બીલ સામે બાકી રહેતી રકમ જ વસુલાતપાત્ર ગણી, એ મુજબ કુલ ૧૭ રીવાઇઝ બીલો ની, આખરી વસુલાત થતી રકમ ની વિગત દર્શાવતુ, કુલ ૧૭ વીજબીલો નુ સુવ્યવસ્થિત ગણતરીપત્ર બનાવી, અને અરજદાર શ્રી ને લેખીત પત્ર સાથે મોકલી આપી અને તે મુજબ કુલ ૧૭ વીજબીલો ના સરવાળા ની આખરી થતી રકમ અરજદાર પાસે કરવાની બાબત ફોરમ કમિટી ને, નિયમાધીન રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, અરજદાર શ્રી ના સદર મીટર મા નોંધાયેલ કુલ ૨૨૨૪ યુનીટ ની ગણતરી માહેની, આખરી સરવાળા મુજબ થતી રકમ પ્રમાણે જ, સદર બીલ ને, દિન–૧૦ મા રીવીઝન કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | અરજદાર શ્રી ના સદર જોડાણ ના, અગાઉ ના કુલ ૧૭ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન ખરેખર થયેલ વાસ્તવિક યુનીટ મુજબ નુ બીલીગ થતા, ચડત / પડતર યુનીટ મુજબ ની વિગત, જે અરજદાર ના સદર મીટર ની લેબોરેટરી ચકાસણી મા, મીટર મા નોંધાયેલ છેલ્લા ૨૨૨૪ યુનીટ ને, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, માહે જુન–જુલાઈ –૧૩ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના કુલ ૧૭ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરી, અને આખરી ગણતરીએ થતી વસુલાત ની રકમ અન્વયે નુ, માહે જુન–જુલાઈ –૧૩ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના કુલ ૧૭ દ્રીમાસીક વીજબીલો નુ , સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ને ખાસ પ્રત્યુતર પત્ર સાથે આપવા માટે નો, આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..